Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

માગશર

श्री जैनधर्म प्रसारक सभा


પુસ્તક ૭૨ મું
અંક ૨ જો
૨૫ મી ડીસેમ્બર

વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨
ઈ. સ. ૧૯૫૫


असंखयं जीवियं मा पमायए,
जरोवणीयस्स हु नत्थि ताणं ।
एवं वियाणाहि जणे पमत्ते,
किं नु विहिंसा अजया गहिंति ॥ १ ॥

जे पावकम्मेहिं धणं मणूसा,
समाययंती अमइं गहाय ।
पहाय ते पासपयट्टिए नरे,
वेराणुबद्धा नरयं उविंति ॥ २ ॥

સો કરો પ્રયાસથી પણ જીવિત સાંધી શકાય તેવું નથી માટે તું ક્ષણમાત્ર પણ પ્રમાદ ન કર, કારણ કે જરાવસ્થા પ્રાપ્ત થયેલાને કોઇ પણ શરણભૂત નથી. વળી તું વિશેષ પ્રકારે જાણી લે કે પ્રમાદી અને હિંસક બનેલા વિવેકશૂન્ય પ્રાણીઓ કોને શરણે જશે?

ધન જ આ લોક ને પરલોકમાં સાધનભૂત છે એમ માનીને જે મનુષ્યો અજ્ઞાનતાથી પાપકર્મો કરી ધનપ્રાપ્તિ કરે છે તે પુરુષો સ્ત્રી. પુત્ર વિગેરેના પાશમાં પડ્યા થકાં જ તેમજ વૈરના વશવર્તીપણાથી ધનને અહીં જ મૂકી દઇને નરકગતિમાં ચાલ્યા જાય છે.

—પ્રમાદાપ્રમાદ અધ્યયન ૪ (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર)


: પ્રગટકર્તા :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૭૨ મું : :** વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી આદિજિન સ્તવન | (મુનિરાજશ્રી રુચકવિજયજી) | ૧૭ |
| ૨ | જલ બુદ્‌બુદ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૮ |
| ૩ | હિતશિક્ષા-છત્રીશી :: ૨૮ | (પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિ) | ૧૯ |
| ૪ | શ્રી વર્દ્ધમાન-મહાવીર (૧૧) | (સ્વ૦ મૌક્તિક) | ૨૨ |
| ૫ | પ્રશ્નપદ્ધતિ : ૩ | (આ. શ્રી વિજયમહેન્દ્રસૂરિજી મ.) | ૨૫ |
| ૬ | જિનદર્શનની તૃષા : ૩ | (ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા) | ૨૭ |
| ૭ | ધર્મલાભ અને વર્તમાન યોગ | (હીરાલાલ રસિકદાસ કાપડિયા) | ૩૦ |
| ૮ | પુસ્તકોની પહોંચ | | ૩૨ |


### આગામી અંક

સને ૧૯૫૬ થી "શ્રી જૈન ધર્મપ્રકાશ" માસિકની પ્રસિદ્ધિ માટે હર અંગ્રેજી મહિનાની દશમી તારીખ મંજૂર થઇને આવવાથી હવે પછીનો અંક પોષ-માહના સંયુક્ત અંક તરીકે પોષ વદ ૧૪ તા. ૧૦ મી ફેબ્રુઆરી ૧૯૫૬ના રોજ પ્રસિદ્ધ થશે.

**શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને**

"શ્રી જૈન ધર્મપ્રકાશ"ના ગ્રાહક બંધુઓને જણાવવાનું કે-આપના પાસે સં. ૨૦૧૧નું લવાજમ લેણું પડે છે. સં. ૨૦૧૨નું લવાજમ ચડવા લાગ્યું છે એટલે બંને સાલનું લવાજમ રૂા. ૬-૮-૦ વસુલ કરવા માટે આપને તૈયાર થતું "આત્મસ્વરૂપ અને સ્નાત્રપૂજા" નામનું ભેટ-પુસ્તક રવાના કરવામાં આવશે. ભેટ પુસ્તક તૈયાર થઇ રહ્યું છે. દરમિયાન આપશ્રી લવાજમના રૂા. ૬-૮-૦ તથા પોસ્ટેજના ૦-૨-૦ મળી રૂા. ૬-૧૦-૦ મનીઓર્ડરથી મોકલાવી આપશો, જેથી વી. પી. ના વધારાના ખર્ચથી બચી શકાય.


નવી આવૃત્તિ પ્રગટ થઇ ચૂકી છે

**બાર વ્રતની પૂજા-અર્થ સહિત**

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૨ મું
અંક ૨ જો | માગશર | વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨

# શ્રી આદિ જિન સ્તવન

(સંભવજિન અવધારીએ, અમ મનની એક વાત; હો મુણીંદ–એ દેશી)

આદીશ્વર અવલોકીએ, અલબેલા અવદાત; હો મુણીંદ.
અગમ અગોચર આગળે, જે કીધા જગ તાત. ,, ,, ૧

જગ વ્યવહાર દેખાડીઓ, ટાળ્યું કલા અજ્ઞાન; ,, ,,
રાજનીતિકેરી દીવીઓ, પ્રગટાવી પ્રધાન ,, ,, ૨

સૌ પહેલા નિજ માતને, પહોંચાડી શિવમહેલ; ,, ,,
સાદિઅનંત સ્થિતિએ કરે, મહેલમાં તે સદા સહેલ. ,, ,, ૩

પુત્ર-પૌત્રાદિક આપણો, જે સઘળો પરિવાર; ,, ,,
શિવરમણીનો સોહામણો, તે હુઓ નિત ભરથાર. ,, ,, ૪

નમિ-વિનમિ વિદ્યાધરા, તે તાહરે ઉપગાર; ,, ,,
બાહુબલી કેવલધરા, તે પણ જગદાધાર. ,, ,, ૫

ગૃહી–મુનિ લિંગ-કેવલીપણે, તેં કીધો ઉપકાર; ,, ,,
હવે કિમ સેવક નવિ સુણે, ન કરે ઢીલ ઉદાર. ,, ,, ૬

તુમ પદ સેવા મન વસી, રાતદિવસ કરું સેવ; ,, ,,
કોઇ ન દે જગ વિણ કસી, રુચક કહે સત્યમેવ. ,, ,, ૭

---મુનિરાજશ્રી રુચકવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जल बुद्‌बुद

(વરસાદનાં ઝરણાંઓમાં પોલા પરપોટાઓ નાચી-કૂદી જાણે ગર્વથી ફૂલાય છે અને ક્ષણજીવી છતાં પોતાની સ્થિતિનો વિચાર સરખો પણ કરતા નથી તે ઉપરથી કવિ બોધ આપે છે.)

काली काली है बादलिया, श्याम घटा घन भई सांवरिया ॥ ध्रु०

जल कण धारा धूम मचाई, शीतल सुखकर पवन चलाई;
जंगल मंगल जीवन पाया, श्याम हरित तृण अंकुर छाया ॥ १ ॥

जल निर्झर सब मस्त भये है, आनंदित बन दौड रहे है;
निज मस्तिमें डोल रहे है, तुच्छ जगत को मान रहे है ॥ २ ॥

असंख्य निकले बुद्‌बुद जलमें, गर्व धरे चलते निज मनमें;
रवि किरणों को निजके माने, फूले नहीं समाते तनमें ॥ ३ ॥

इंद्रधनु के सप्त रंगसे, आनंदित हो त्वरित अंगसे;
नाचे कूदे विविध ढंगसे, गर्वोद्धत हो गये छंदसे ॥ ४ ॥

लाल जांबुडे हारे दिखते, पीले श्यामल दौडे जाते;
रजत रंग चमकीले होते, सुखद सुनहरे मुकुलित बनते ॥ ५ ॥

छोटे मोटे विविध रंगमें, आकृति बनती कईक ढंगमें;
असंख्य ऐसे मोती जैसे, माल परोई जलमें ऐसे ॥ ६ ॥

लुभावते आंखोकुं दिखते, अंदरसे सब पोले रहते;
जो ऊपरसे धूम मचाते, गर्व धरे वे जगमें फिरते ॥ ७ ॥

जब आवे कोई पवन झकोरा, नाम रहे तब खाली कोरा;
क्षण जीवनमें मस्ती करते, दुसरे क्षणमें वे सब मरते ॥ ८ ॥

भो मानव ! स्थिति तेरी ऐसी, व्यर्थ मान अभिमान विनाशी;
जो धरते मन गुमान कोरा, हार गये वे जन्म अनेरा ॥ ९ ॥

आत्मभाव नहीं तुजमें प्रगटा, तब तक भव फेरा नहीं निपटा;
फिर तूं क्यों अभिमान हि धरता, खाली यह निज जन्म हारता ॥१०॥

जल बुद्‌बुद सम जीवन तेरा, फिर क्यों काल व्यर्थ तूं खोता ?
नाम प्रभुका धारण करले, अंतरंग तुज प्रमुदित करले ॥११॥

तब तुज होगा भव निस्तारा, सत्य रूप प्रगटेगा तेरा;
बालेन्दु का वचन मानले, सार्थक जीवन का तूं करले ॥१२॥

શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિતશિક્ષા–છત્રીશી

લેખાંક : ૨૮ :

લેખકઃ–પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય

**હવે છેલ્લી ચાર કડીમાં મનુષ્ય જન્મ સફળ કરવાની કેટલીક શિખામણો કહીને આ ઉપયોગી ને સરળ ગ્રંથની પૂર્ણાહુતિ કરવામાં આવે છે.**

વ્રત પચ્ચક્ખાણ ધરી ગુરુ હાથે,
તીરથ યાત્રા કરીએ જી;
પુણ્ય ઉદય જો મોરો પ્રગટે,
તો સંઘવી પદ ધરીએ. : ૩૩ :
સુણજો સજ્જન રે.

મારગમાં મન મોકળું રાખી,
બહુ વિધ સંઘ જમાડોજી;
સુરલોકે સુખ સઘળાં પામે,
પણ નહિં એહવો દહાડો. : ૩૪ :
સુણજો સજ્જન રે.

તીરથ તારણ શિવસુખકારણ,
સિદ્ધાચળ ગિરનારે જી;
પ્રભુભક્તિ ગુણશ્રેણે ભવજળ,
તરીએ એક અવતારે. : ૩૫ :
સુણજો સજ્જન રે.

લૌકિક લોકોત્તર હિતશિક્ષા–
છત્રીશી એ બોલી જી;
પંડિત શ્રી શુભવીરવિજય સુખ–
વાણી મોહન વેલી. : ૩૬ :
સુણજો સજ્જન રે.

(૧) ગુરુમહારાજની પાસે વ્રત–નિયમ લેવાં.
(૨) તીર્થયાત્રા કરવી. (૩) સંઘ કાઢવો.
(૪) સંઘજમણ કરી–સાધાર્મિક ભક્તિ કરવી.
(૫) સિદ્ધાચલ-ગિરનાર પર વિશેષે પ્રભુભક્તિ કરવી.

(૧)

નાના કે મોટા કોઇ પણ વ્રત–નિયમ લેવા હોય તો તે ગુરુમહારાજ પાસે લેવા, સંઘ સમક્ષ નાણ મંડાવીને વ્રત લેવા એ નરજન્મનો એક લ્હાવો છે. બાર વ્રતધારી શ્રાવક બનવું એ જીવનનું ઉત્તમ કાર્ય છે. આનંદ, કામદેવ વિગેરેએ તીર્થંકર પરમાત્માને હાથે વ્રત લીધા હતા. તેમના શાસ્ત્રમાં નામ લખાયા છે. ગુરુમહારાજને હાથે વ્રત લેનાર પણ ધન્ય બની જાય છે. બ્રહ્મચર્ય વ્રત લેવું અને પાળવું. બ્રહ્મચર્ય વ્રત લેનારા ભાગ્યશાળીઓ ભીમ શ્રાવક, પેથડકુમાર વગેરે પણ નામ રાખી ગયા છે. મોટા વ્રત ન લઈ શકાય તેમ હોય તો પોતાની શક્તિ ગોપવ્યા સિવાય નાના નાના નિયમો લેવા. નિયમ વગર માણસ પશુ કરતાં પણ નપાવટ છે. ગુરુમહારાજને હાથે લીધેલો નિયમ સારીરીતે પાળી શકાય છે. નિયમ નિર્વિઘ્ને પાળવામાં સારા ગુરુનો પુણ્ય પવિત્ર હાથ પણ પૂર્ણ સહાય કરે છે. કમળ એક શેઠનો પુત્ર હતો. તેણે ઘણા પ્રયાસોને અંતે ગુરુમહારાજ પાસે એક હસવા જેવો નિયમ લીધો હતો, પણ નિયમ લઈને દૃઢપણે પાળ્યો હતો ને તે તેને ફળ્યો હતો. તેણે નિયમ લીધો હતો કુંભારની ટાલ જોઈને ખાવું. ટાલ ન જોવે તો ભોજન બંધ. પોતાના મકાનની બાજુમાં જ કુંભાર રહે. પોતે મોડો ઊઠે. જ્યારે ઊઠે ત્યારે કુંભાર પોતાના ચોકમાં વાસણ ઘડતો હોય–ઊઠતાં વેંત બારીમાંથી કુંભારની ટાલ દેખાય. આ નિયમ પાળવામાં તેને કાંઈ કરવું પડતું ન હતું. ટાલ દેખાવી તે તો સ્વાભાવિક હતું પણ એક દિવસ કુંભાર સવારમાં વહેલો માટી લેવા માટે જંગલમાં ચાલ્યો ગયો હતો. કમળ મોડો ઊઠ્યો ત્યારે તેના દેખવામાં કુંભાર ન આવ્યો. ઠીક પછી ટાલ જોઈ લઈશું કહીને તે પોતાની બીજી પ્રવૃત્તિમાં જોડાઈ ગયો. ખરે



For Private And Personal Use Only

બપોરે જમવા બેઠો ત્યારે તેને નિયમ સાંભર્યો. તે તરત જ ઊઠયો ને ગયો કુંભારને ઘરે. ત્યાં જઇને પૂછ્યું તો કુંભાર જંગલમાં માટી લેવા ગયા છે ને સાંજે આવશે એમ જવાબ મળ્યો એટલે તે ગયો જંગલમાં જ્યાં કુંભાર માટી ખોદતો હતો. ત્યાં એવું બન્યું હતું કે માટી ખોદતા ખોદતા સોનામહોરથી ભરેલો ચરૂ નીકળ્યો હતો ને કુંભાર વિચારમાં પડી ગયો હતો કે આને કેમ લઇ જવો. એટલામાં કમળ ત્યાં આવ્યો ને ટાલ જોઇને પાછો ફર્યો. તેને કકડીને ભૂખ લાગી હતી. કુંભારને લાગ્યું કે આ જોઇ ગયો છે–તે જઇને રાજાને વાત કરશે તો મારા હાથમાં કાંઇ નહિ આવે એટલે તેણે જોરથી પેલાને બૂમ મારી. કમળે જવાબ દીધો કે "જોયું–જોયું" કુંભારની શંકા મજબૂત થઇ. તે તેની પાછળ દોડ્યો અને કમળને બોલાવા લાગ્યો. અડધો અડધ આપવાની વાત કરી. વગર પ્રયાસે કમળને અઢળક ધન મળ્યું પણ તેના હૃદયમાં કાંઇ જુદું જ મંથન ચાલ્યું. તેને થયું કે–આવો મશ્કરી કરવા જેવો નિયમ પણ આટલું ફળ આપે છે તો સાચા ભાવે સુન્દર નિયમ શું ફળ ન આપે ? ત્યારથી તે સુધરી ગયો ને ગુરુમહારાજ પાસે સુન્દર નિયમો લઇને દઢતાપૂર્વક પાળીને સદ્દગતિ પામ્યો.

નિયમ નાનો કે મોટો ગમે તેવો લેવો પણ તે અણિશુદ્ધ પાળવો. નિયમ લેવા કરતાં પાળવામાં જ તેની મહત્તા છે.

નિયમનું પાલન એ ફળે છે. તેમાં શિથિલતા ન આવવી જોઇએ; માટે જ જાતે નિયમ ન લેતા ગુરુ હાથે નિયમ લેવા ઉપર ભાર મૂકવામાં આવે છે.

માનવ જન્મ સફલ કરવા માટે એક તો એક પણ નિયમ ગુરુમહારાજ પાસે લેવો.

(૨)

નાના કે મોટા, નજીકના કે દૂરના તીર્થની વિધિપૂર્વક જીવનમાં એક યાત્રા કરવી. એક યાત્રા કરવી એટલે વધુ યાત્રા ન કરવી એમ નહિ–એક તો જરૂર કરવી: એક તો એક પણ એ યાત્રા એવી કરવી કે જીવનભર યાદ આવે. મરતા પણ તેની યાદી નજર સામે તરવરે. તીર્થયાત્રાથી આત્માનાં ઘણાં પાપો ખપી જાય છે.

अन्यस्थाने कृतं पापं तीर्थस्थाने विमुञ्चति બીજે સ્થળે કરેલાં પાપો તીર્થસ્થાનકમાં છૂટે છે. એટલે યાત્રા કરવા જનારે પોતાના વર્તનમાં એટલી તકેદારી જરૂર રાખવી કે અહિં તીર્થસ્થાનમાં પાપ છોડવા આવ્યા છીએ; નહિ કે બાંધવા. જો તીર્થમાં પણ પાપપ્રવૃત્તિ ચાલુ રહી તો તે છોડવાનો બીજો કોઇ ઉપાય નથી. તે તો ભોગવ્યે જ છૂટકો. તીર્થે બાંધેલું પાપ વજ્રલેપ થઇ જાય છે એટલે તીર્થયાત્રા એવી કરવી કે તેમાં પાપ–બંધને અવકાશ ન રહે.

(૩)

તીર્થયાત્રા કરતાં એવો ભાવ જાગે કે ક્યારે સંઘ સાથે તીર્થયાત્રા કરીએ. પુણ્ય ઉદય જાગે ને સુકૃતની લક્ષ્મી પ્રાપ્ત થાય એટલે છ"રી" પાળતો સંઘ કાઢવો. ગુરુમહારાજ સાથે ખુલ્લે પગે ચાલતાં ચાલતાં તીર્થાધિરાજ તરફ આગળ વધતા હોઇએ. એકાશનનું તપ હોય, ભૂમિ પર સંથારો કરવાનો હોય, બ્રહ્મચર્યનું વિશુદ્ધ પાલન થતું હોય, સવાર સાંજ આવશ્યક કરણીની આરાધના ચાલતી હોય, સચિત્તનો ત્યાગ હોય એ રીતે સંઘ કાઢ્યો હોય–તીર્થ નજીક આવે–તીર્થના જયજયકારથી ગગન ગાજી ઊઠે. તીર્થયાત્રા થાય. તીર્થમાળા પહેરાય. સંઘપતિની–સંઘવીની પદવી મળે. જીવન ધન્ય બને–કૃતકૃત્ય બને. એવી ભાવના રાખવી. સંયોગ હોય તો એ ભાવના સાર્થક–સફળ કરવી. સંઘવી પદની પ્રાપ્તિ થવી એ મોટા પુણ્ય–ઉદયની નિશાની છે.

(૪)

સંઘ કાઢ્યો હોય, માર્ગમાં એક ગામથી બીજે ગામ પડાવ નખાતા હોય. ગામેગામના સંઘો આવતા હોય. સંઘભક્તિ થતી હોય ત્યારે સંઘપતિએ મન વિશાળ કરવું. ગમે તે જમી જાય. જે ખાઇ જશે તે સંઘની અને જૈન શાસનની અનુમોદના કરશે એમ સમજીને ખવરાવવામાં સંકોચ ન કરવો. સંઘ કાઢ્યા પછી ઘણો ખર્ચ થાય છે–ઘણો ખર્ચ થાય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે એ પ્રમાણે વિચારવું નહિ, એથી નુકશાન થાય છે. માર્ગમાં જ્યાં સંઘે સ્થિરતા કરી હોય ત્યાં પણ કાંઇ જરૂર જેવું જણાય તેમાં યથાશક્તિ લક્ષ્મીનો સદ્વ્યય કરીને સુકૃત કમાણી કરવામાં ઢીલ ન કરવી. એથી સંઘ ઘણો દીપે છે. સંઘ કાઢીને જો ધન ગણવાની મનોવૃત્તિ ઉપર કાબૂ ન આવે તો કેટલીક વખત પાછળથી તેના પરિણામ સુંદર આવતા નથી અને તેવા પરિણામથી સ્વ-પરહાનિ થાય છે, માટે માર્ગમાં મન સંકુચિત ન રાખતાં મોકળું-વિશાળ રાખવું.

દેવલોકમાં બધી વાતો બની શકે છે પણ આ પ્રમાણે સંઘભક્તિ કરવાની કરણી થઇ શકતી નથી. તે તો નરજન્મમાં શકય છે, માટે તેમાં ઉલ્લાસની ઓછાશ ન થાય તે માટે પૂરતી કાળજી રાખવી.

(૫)

ઉપર પ્રમાણે સંઘ સાથે શ્રી સિદ્ધાચલજી મહાતીર્થ, શ્રી ગિરનારજી તીર્થ જઇએ, ત્યાં યાત્રા કરીએ, ત્યારે એવો ભાવોલ્લાસ જાગે કે-આ તીર્થાધિરાજ ભવજલને તરવા માટે તરણી સમાન છે. મોક્ષસુખનું અનન્ય કારણ છે. અહિંના અણુએ અણુ પવિત્ર છે. કાંકરે કાંકરે અનંત આત્માઓ મોક્ષ પામ્યા છે. આ ક્ષેત્રની મહામંગલકારિતા અજોડ છે. ત્રણે જગતમાં ચૌદ રાજલોકમાં આના જેવું અન્ય ક્ષેત્ર નથી.

એ પ્રમાણે ભાવનાનું પૂર ચડતું હોય ને પ્રભુને ભેટવા માટે પગથિયાં ચડાતા હોય ત્યારે આત્મા એવી તો કર્મની નિર્જરા કરે કે કદી પણ એવી નિર્જરા તેણે ન કરી હોય. પ્રભુના દર્શન થાય. પ્રભુની ભક્તિ કરવાનો અવસર મળે. સંઘ વચ્ચે પહેલી પૂજા કરવાની બોલી બોલાતી હોય ત્યારે આત્મા એવી તૈયારી કરીને બેઠો હોય કે તે લાભ શક્તિ હોય તો ન જવા દે.

પહેલી પૂજાનો લાભ તેને મળે. તે પૂજા કરે ત્યારે પરમાત્માની સાથે એવો એકતાર બની જાય કે ગુણસ્થાનકની શ્રેણીએ ચડે. ક્ષપકશ્રેણીએ ચડે. જો એ સીડી હાથમાં આવી જાય તો પછી બાકી શું રહ્યું? ત્યાં ને ત્યાં બેડોપાર-ફરી કાંઇ કરવાનું ન રહે. એક જ અવતારે તે જ જન્મમાં ભવનો અંત સાધીને અનંત સુખ મેળવે, એ ન બને તો પણ એ પ્રમાણે આગળ વધતા આત્માને ત્રણ અને વધુમાં વધુ સાત આઠ ભવ બાકી રહે. તેથી વિશેષ તેને સંસારમાં પરિભ્રમણ કરવાનું ન હોય.

આ લાભની પાસે સંસારની એવી કઇ ચીજ છે કે જેનો આત્મા મોહ રાખે. જો સંસારની કોઇ પણ ચીજનો મોહ રાખ્યો તો ઉપરનો લાભ નહિ મળે, માટે તીર્થાધિરાજને ભેટતાં એ મોહ નસાડી મૂકવો. સર્વસ્વ તીર્થને ચરણે સમર્પણ કરી દેવું. એવું સમર્પણ કરનાર અજર-અમર બને છે. અને શ્રેય સાધે છે.

* * *

આ પ્રમાણે લૌકિક એટલે વ્યવહારમાં ઉપયોગી હિતશિખામણો અને લોકોત્તર કહેતાં મોક્ષમાર્ગમાં સીધે સીધી ઉપયોગી હિતશિખામણો સમજાવતી છત્રીશ કડીઓની હિતશિક્ષા-છત્રીશી કહી.

પંડિત શ્રી શુભવિજયજી ગણિવર્યના શિષ્ય પંડિતશ્રી વીરવિજયજી ગણિવર્યના મુખથી નીકળતી વાણી એ મોહનવેલ જેવી મનોહર અને મિષ્ટ હોય છે, આત્માને પણ હિતકર હોય છે, કારણ કે તે વાણી શ્રી વીર પરમાત્માના આગમનને અનુસરતી હોય છે. સજ્જનો આ સાંભળજો, હૃદયમાં ઉતારજો અને હિતને આચરીને શાશ્વત સુખના ભાગી બનજો. (સંપૂર્ણ)

બાળકોના જીવનમાં ઉત્તમ સંસ્કારો રેડવા માટે
**સંસ્કારનું વાવેતર**
લખોઃ-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર
અવશ્ય મંગાવો
મૂલ્ય : ચાર આના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## (૧૩)

### ચોથે દેવલોકે–માહેંદ્ર કલ્પે. (તેરમો ભવ)

ભારદ્વાજનો જીવ ત્યાંથી નીકળીને આયુષ્ય પૂર્ણ થતાં ચોથા માહેંદ્ર દેવલોકે ગયો. એના અગિયારમા ભવમાં ત્રીજા સનત્કુમાર દેવલોકનું જે વર્ણન ઉપર આવી ગયું તેની સમાન ભૂમિ પર આ ચોથું દેવલોક છે. એમાં પણ ત્રીજા દેવલોક પ્રમાણે બાર પ્રતરો છે. સર્વ મળીને દેવ ભૂમિમાં ૬૨ પ્રતરો છે.

પહેલા બીજા સૌધર્મ અને ઇશાન દેવલોકના વલયમાં તેર પ્રતર.

ત્રીજા ચોથા સનત્કુમાર અને માહેંદ્ર દેવલોકના વલયમાં બાર પ્રતર.

પાંચમા બ્રહ્મલોકના વલયમાં છ પ્રતર.

છઠ્ઠા લાંતક દેવલોકના વલયમાં પાંચ પ્રતર.

સાતમા મહાશુક્ર દેવલોકના વલયમાં ચાર પ્રતર.

આઠમા સહસ્રાર દેવલોકના વલયમાં ચાર પ્રતર.

નવમા દશમા આનત અને પ્રાણત દેવલોકના વલયમાં ચાર પ્રતર.

અગિયારમા બારમા આરણ અને અચ્યુત દેવલોકના પ્રતરમાં ચાર પ્રતર.

આ રીતે બાર દેવલોકે બાવન પ્રતર, ત્યાર પછી નવ ગ્રૈવેયકના નવ પ્રતર અને છેલ્લા અનુત્તર વિમાનનું એક પ્રતર મળી કુલ ૬૨ પ્રતર દેવભૂમિનાં થાય છે.

ત્રીજા અને ચોથા દેવલોકની ભૂમિ અને વલયો સમભૂમિ પર હોવાથી એમાં પ્રતરો એકસરખાં છે. ચોથા દેવલોકના દેવોનું ચિહ્ન સિંહનું હોય છે. ચોથા દેવલોકમાં આયુષ્ય બે સાગરોપમનું જઘન્ય અને ઉત્કૃષ્ટ સાત સાગરોપમનું હોય છે. દરેક પ્રતરે $\frac{૫}{૧૨}$ સાગરોપમ વધતું જાય છે. પહેલા પ્રતરમાં $૨\frac{૫}{૧૨}$ હોય છે. આગળના પ્રતરમાં એ રીતે $\frac{૫}{૧૨}$ વધતું જાય છે. અને પહેલા પ્રતરનું ઉત્કૃષ્ટ હોય તે બીજા પ્રતરનું જઘન્ય આયુષ્ય બને છે અને એમ ઉત્તરોત્તર બાર પ્રતરે ગણવામાં આવ્યું છે આ માહેંદ્ર દેવલોકના ઇંદ્ર પાસે ૭૦૦૦૦ સામાનિક દેવો હોય છે અને ૨૮૦૦૦૦ આત્મરક્ષક દેવો હોય છે. ચોથા દેવલોકમાં શરીરની અવગાહના ૭ હાથની બનાવી છે. તેઓ વિષયસુખ સ્પર્શમાત્રથી ભોગવનારા હોય છે, પણ શરીરદ્વારા સંસર્ગથી સુખ મેળવતા હોતા નથી.

આવા ચોથા માહેંદ્ર દેવલોકમાં નયસારનો જીવ ઉત્પન્ન થયો. એ બારમાના કેટલામા પ્રતરે ઉત્પન્ન થયા તેની વિગત નથી મળતી, પણ સામાન્ય દેવ થયેલ છે એમ નોંધાયું છે એટલે એ સામાનિક દેવ થયા નથી એ વાત જાણવા જેવી છે. સામાનિક દેવની કાંતિ અને એનો વૈભવ તો ઇંદ્ર જેવો હોય છે, પણ નયસારના જીવે નીચ ગોત્ર કર્મ ઉપાર્જન કર્યું તેને પરિણામે એ દેવગતિમાં પણ મધ્યમ સ્થાન પામ્યા. આ નીચ ગોત્ર કર્મ એમની સાથે મરિચીના ભવથી બરાબર વળગી ગયું છે તે આખા પૂર્વભવના પ્રસ્તાવોમાં જોવામાં આવે છે. એને સારા સંયોગો મળ્યા છે ત્યાં પણ એનામાં હીનતા જરૂર દેખાણી છે અને તેમાં અંદરખાનેથી નીચગોત્ર કર્મે ભાવ ભજવ્યો છે તે સર્વ જગ્યાએ જોવામાં આવે છે. કર્મની અસર આ રીતે થાય છે. એ કાંઇ અમુક વસ્તુ આપે કે ન આપે એમ બનતું નથી પણ જે સંયોગોમાં પ્રાણી મૂકાય તે સંયોગોમાં એનામાં તરતમતા આણે છે અને એ તરતમતા થવી એ કર્મનું ફળ છે. નીચ ગોત્ર કર્મ પ્રાણીને ગમે તે ગતિમાં જાય ત્યાં ફળ આપે છે. પછી ત્યાં એ પ્રથમ પંક્તિએ સર્વથી ઊંચે આવી શકતો નથી અને પરિણામે એનામાં કાંઇ ને કાંઇ કહેવાપણું જરૂર પ્રાપ્ત થાય છે. આ રીતે સંસારવૃદ્ધિને ચઢાવે ચઢી નયસારના જીવે મરીચિના ભવમાં પ્રાપ્ત કરેલ ત્યાગ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનાની સાથે રખડપાટો અને હીનતા એમ બન્ને ભાવો પણ સાથે જ પ્રાપ્ત કર્યા. એના મોટા ૨૭ ભવની વિગતો ઓછી વધારે મળી આવી છે, પણ એ ઉપરાંત એણે તિર્યંચના અનેક ભવો કર્યાં છે, કારણ કે નોંધાયલા ભવના આયુષ્યનો સરવાળો સાગરોપમોનો થાય છે જ્યારે એમનો ભ્રમણકાળ એક કોટાકોટી સાગરોપમનો છે, એ જ્યાં જ્યાં ગયા ત્યાં એનામાં હીનતા ચાલુ રહી છે. એ રાજા થાય તો પણ એમાં પ્રથમ પંક્તિ ન આવે અને એ જળચર, સ્થળચર કે ખેચર થયા ત્યાં પણ એ મધ્યમ કે કનિષ્ઠ સ્થિતિમાં જ ગયા છે એ વાત કર્મ પોતાનાં ફળ કેવી રીતે આપે છે તે જાણવા માટે ઉપયોગી દાખલો પૂરો પાડે છે. બાકી કર્મ જેમ જેમ ભોગવાતું જાય છે તેમ તેમ તેનો રસ પાતળો પડતો જાય છે તે પણ આગળ જતાં જોવામાં આવશે.

દેવગતિમાં ઉત્કૃષ્ટ સ્થિતિ થાય ત્યારે વધારે મજા આવે છે. દેવોમાં ઇર્ષ્યા ઘણી હોય છે. એ બીજા દેવોની વધારે પડતી ઋદ્ધિ જોઇને અંદરથી સળગ્યા કરે છે. બાકી દેવગતિમાં રળવા કમાવાની માથાકૂટ કરવી પડતી નથી. એટલે ચોથા દેવલોકમાં એમણે પાંચ સાગરોપમ જેટલા કાળ સુધી આનંદ મેળવ્યો, દેવગતિ યોગ્ય નાટકો જોયાં, સ્પર્શસુખ અનુભવ્યાં, પણ જ્યારે દેવભવમાંથી ચ્યવવાને અંગે છ માસ બાકી રહ્યા ત્યારે ગળામાંથી માળા કરમાવા માંડી. આ નયસાર-મરીચિના જીવને ઇંદ્રિયસુખની લાલસા કે લોલુપતા બહુ હતી નહિ, પણ નાના મોટાપણાનો ખ્યાલ એનામાં બહુ ઘર ઘાલી રહ્યો હતો. એકંદરે દેવગતિમાં એણે સુખનો અનુભવ કર્યો અને રમત માત્રમાં લગભગ પાંચ સાગરોપમનો કાળ પૂરો કર્યો. આયુષ્ય પૂર્ણ થયે પાછા મનુષ્ય ગતિ તરફ તેમનું પ્રયાણ થયું. એક બે પ્રસંગ સિવાય એમનું મનુષ્ય તિર્યંચ તરીકેનું ગતિસ્થાન આપણું ભરત ક્ષેત્ર જ છે. દેવ કાળ કરીને નરકમાં ન જાય, પણ એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય તિર્યંચમાં જઈ શકે એટલે આખા ભવમાં જે કર્મ એકઠાં કર્યાં હોય તેનું ફળ મેળવવા યોગ્ય ગતિ અને સ્થાનમાં એ ઉત્પન્ન થાય છે. આવી ઘટના કર્મબંધન વખતે જ રચાઇ જાય છે અને તે અનુસાર પ્રાણી આવ-જા કરે છે. ઉપર નીચે જાય છે અને મનમાં મહાલે છે, પણ ઊંદરનાં પાંજરામાં અંદર ફરતી ગોળ ચકરડી હોય તેમાં જેમ નાના ઉંદરો ઉપર નીચે જાય આવે તેવી તેની સ્થિતિ બને છે. એ ઘડીકમાં ઉપર જાય છે, વળી નીચે જાય આવે છે, ગોળ ચક્કર ફરે છે, પણ આ બધી હકીકત પાંજરાની અંદરની વાત છે, પાંજરું છૂટતું નથી અને પાંજરામાંથી છૂટા થવાના પ્રયાસો થાય છે, પણ કેટલાક ખોટા ફાંફાં હોય છે અને સાચી ઇચ્છા થાય ત્યારે અનંત શક્તિવાળો એ પુરુષાર્થ કરી છૂટી જાય છે. દરમ્યાન એ વિષય-કષાયોને લઇને રગદોળાય છે, એની બુદ્ધિ અને વર્તન વચ્ચે અસંગતતા રહે છે અને દંભ, ઢોંગ, તરકટ આદિ વિવિધ રાગ–દ્વેષના પ્રસંગોમાં લપટાઇ એ ઉપર નીચે આંટા મારતો જાય છે અને કોઇ વાર માનેલા સુખના ચટકડા લે છે અને કોઇ વાર માનેલ પરાધીનતાના દુઃખોમાં સબડાઇ ત્રાસ પામે છે અને એ રીતે ચક્રભ્રમણ કરે છે.

નયસાર–મરીચિનો જીવ માહેંદ્ર દેવલોકથી ચ્યવી રાજગૃહ નગરે મનુષ્ય ગતિમાં આવ્યો.

(૧૪)

## રાજગૃહે સ્થાવર બ્રાહ્મણ–ત્રિદંડી (ચૌદમો ભવ)

આ રાજગૃહ નગરી મગધદેશની રાજગૃહીનગરી કે અત્યારે બિહાર પ્રાંતમાં આવેલી છે તે જ છે. તે યુગમાં તે મગધની રાજધાની હતી. ઐતિહાસિક વિભાગમાં આ રાજગૃહી નગરીનું સ્થાન અને વૈશાલીનું જનરાજ્ય કેવું હતું તે પર વિસ્તારથી હકીકત રજૂ થશે. રાજગૃહી નગરીમાં ધર્મપ્રચાર માટે ઘણો અવકાશ હતો. નાલંદાનું સુવિખ્યાત વિશ્વ વિદ્યાલય આ રાજગૃહનો એક વિભાગ હતું અને અનેક વિદ્વાનોએ એ ભૂમિને પાવન કરી હતી. એ નાલંદામાં ધર્મના મોટા મઠો હતા. અભ્યાસ માટે ખાસ ગોઠવણો હતી. ત્યાં જૈન સંસ્કૃતિ અને બ્રાહ્મણ સંસ્કૃતિનો ભેટો પણ થતો હતો અને એમાં થયેલી ચર્ચા અને લેવાયલા નિર્ણયો આખા ભારતવર્ષમાં વિસ્તરતા હતા. આગળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જતાં એ બૌદ્ધ સંસ્કૃતિનું પણ કેન્દ્ર થવાનું હતું. અને ત્યાંના વિદ્યાપીઠો દુનિયાભરમાં મશહૂર થતા જતા હતા.

આ રાજગૃહ નગરીની બહાર વૈભારગિરિ નામના પાંચ પર્વતો હતા, લીલા ઝાડોથી ભરપૂર હતા અને વિસ્તારમાં ઘણી જગ્યા રોકી સૃષ્ટિસૌંદર્યનો નમૂનો બતાવી રહ્યા હતા. આ રાજગૃહમાં અને એના પાડોશમાં આવેલ વૈભારગિરિ પર અનેક ઐતિહાસિક બનાવો બની ગયા હતા અને એ યુગમાં રાજગૃહ સંસ્કૃતિનું કેન્દ્ર બની ગયું હતું. અનેક સંસ્કૃતિઓનાં એ કેન્દ્રમાં ધર્મચર્ચા અને કર્મ સંસ્કારના અનેક પ્રસંગો બનતા હતા. તેનો વેપાર પણ મોટો હતો. ત્યાં અનેક લક્ષ્મીનંદનો વસતા અને ત્યાંની જનતા પરોણાગત અને આતિથ્ય ભાવનામાં બહુ આગળ વધી ગયેલ હતી.

આવા રાજગૃહ નગરમાં કપિલ નામના બ્રાહ્મણને ઘેર એની કાંતિમતી નામની પત્નીથી મરીચિનો જીવ ઉત્પન્ન થયો. એ વખતે એનું **સ્થાવર** નામ પાડવામાં આવ્યું. કોઈક સ્થાને એનું થાવર નામ હતું એવો પણ નિર્દેશ છે. એને અભ્યાસની જોગવાઈ મળી, પણ એને ભોગકુળ ન મળ્યું. આ સ્થાવરના ભવમાં એણે લાંબો કાળ પસાર કર્યો. એણે અભ્યાસ સારો કર્યો, એનામાં જિજ્ઞાસા સારી ઉત્પન્ન થઈ, પણ એને પોતાનું નામ બહાર લાવવાની હોંશ તો ચાલુ જ રહી. એણે પૂર્વના સંસ્કાર બળે અહીં પણ મઠ જમાવવા માંડ્યો. પોતાનો અનુયાયી અને ભક્ત વર્ગ જમાવવા એની રુચિ વધતી જ ચાલી. એણે અનેક ચર્ચા વાર્તા કરી, કોઈ કોઈ વાર એના મનમાં પોતાના મતની એકાંતતા સાલતી, વ્યક્ત અવ્યક્તની ગૂંચવણમાં એ પડી જતો અને મનમાં ઘડ ન બેસે ત્યારે એને અજંપો પણ થતો, પરન્તુ છતાં આખરે એણે ત્રિદંડીપણું જ સ્વીકાર્યું, દ્વૈત અદ્વૈતની ચર્ચામાં એ પડી ગયો અને મોટા મઠનો ઉપરી થવા છતાં એની મહત્તા બહુ વધી નહિ. એણે પોતાની નામના કાઢવા મથામણો તો કરી અને પ્રમાણમાં એનો ત્યાગ જાણીતો પણ થયો, પણ એ સર્વની ટોચે કદી આવી શક્યો નહિ.

સ્થાવર ત્રિદંડી આવી રીતે સંસારીના વેશમાં અને છેવટે ત્રિદંડીના વેશમાં ૩૪ લાખ પૂર્વકાળ ત્યાં રહ્યો અને પોતાના મઠના મંતવ્યો એણે દુનિયાને જણાવ્યા. આવી રીતે પ્રાણી એક ભવમાંથી બીજા ભવમાં અને બીજામાંથી ત્રીજા ભવમાં ભટક્યા કરે છે, એક સ્વાંગ પૂરો થાય એટલે નવો વેશ ધારણ કરે છે અને અનેક જાતિઓમાં અને ગતિઓમાં કૂટાયા કરે છે એના ક્રમભાવી ધર્મો–પર્યાયો ફર્યા કરે છે, એ અનેક નવનવા કામો ધારણ કરે છે અને જુદા જુદા વેશ લઈ એ દુનિયામાં વિચિત્ર નામે ઓળખાય છે અને આયુષ્યકાળ પૂર્ણ થાય ત્યારે પોતાની સર્વ જમાવટ ત્યાં ને ત્યાં મૂકી પોતે અન્ય સ્થાનકે ચાલ્યો જાય છે. આત્માના મૂળ ગુણો ઓછાવત્તાં અવરાઈ ગયા હોઈ તેની સાથે ઓછા વધતાં વ્યક્ત થતા રહે છે અને એ ગુણો સાથે પર્યાયો ફરતા જતા હોવાથી એ ચારે તરફ રખડપાટો કરે છે અને નવાં નવાં અભિધાનો ધારણ કરે છે. એ પ્રમાણે સ્થાવર ત્રિદંડીએ ઘણો કાળ સંસારી ગૃહસ્થી તરીકે અને છેવટનો થોડો કાળ ત્રિદંડી તરીકે પસાર કર્યો. ત્રિદંડી તરીકે એણે ગૈરિક વસ્ત્રો ધારણ કર્યાં. પગમાં ચાખડી અને માથે છત્ર ધારણ કરી એ ફરવા નીકળે ત્યારે એને ખૂબ મોજ આવતી હતી. ચર્ચા કરતી વખતે એને પોતે સ્વીકારેલા એકાંત ભાવની નિર્બળતાનો ભાસ થવા માંડ્યો હતો, પણ હજુ એનો લોકોની પાસે તો આગ્રહ પરિવ્રાજકપણાની મહત્તા બતાવવાનો જ ચાલુ રહ્યો હતો. સ્થાવર પોતાનો ચોત્રીશ લાખ પૂર્વ વર્ષનો જીવનકાળ પૂર્ણ કરી ત્યાંથી પાંચમે દેવલોકે ગયો. (ચાલુ) **સ્વ૦ મૌક્તિક**

**સામાયિકમાં વાંચવા માટે**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:—**શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નપદ્ધતિ

## ( ૩ )

અનુવાદક : આચાર્ય મહારાજશ્રી વિજયમહેન્દ્રસૂરિજી મહારાજ

પ્ર૦—(૨૧) લબ્ધિવાળા મુનિઓના મલ, મૂત્ર આદિ રોગને દૂર કરવાને માટે ઔષધ સમાન શી રીતે હોય ?

ઉ૦—અત્યંત અવિચ્છિન્ન તપથી તપેલી શરીરની સાતે ધાતુઓ નિર્મળ થાય છે અને નિર્મળ થયા પછી તે ધાતુઓ રોગને દૂર કરનારી થાય છે-જેમ પકવેલ તાંબુ રોગને દૂર કરે તેમ. ॥૨૧॥

પ્ર૦—(૨૨) ગૃહસ્થને મૂલવ્રતના અભાવે ઉત્તર વ્રતો હોય કે નહિ ?

ઉ૦—શ્રી ભવગવતીસૂત્રમાં કહ્યું છે કે–मूलाभावेऽप्युत्तराणि स्युः" મૂલવ્રત ન લીધા હોય, તો પણ ઉત્તરવ્રત લઇ શકાય છે. ॥૨૨॥

પ્ર૦—(૨૩) નમસ્કારમંત્રનો એક અક્ષર સ્મરણ કરનાર પુરુષ, સાત સાગરોપમ સુધી નરકમાં રહેલો જીવ નરકના દુઃખ ભોગવીને જેટલા પાપકર્મને ખપાવે તેટલા પાપકર્મનો ક્ષય કરે છે, ત્યારે નવકારમંત્રના અડશઠ અક્ષરો સ્મરણ કરવાથી ૫૦૦ સાગરોપમ સુધીના પાપકર્મનો ક્ષય શી રીતે થાય ? તેમાં ૫૦૦ની સંખ્યા ઘટતી નથી.

ઉ૦—હે શિષ્ય, તેમાં ૫૦૦ ની સંખ્યા ઘટે જ છે, સાંભળ–૭ ને ૬૮ થી ગુણીએ ત્યારે ૪૭૬ સાગરોપમ થાય, પછી નવપદના ૯ સાગરોપમ, સાત ગુરુ અક્ષરના ૭ સાગરોપમ અને આઠ સંપદાના ૮ સાગરોપમ લઇએ ત્યારે ૨૪ સાગરોપમ થાય. તેને પૂર્વની સંખ્યા સાથે જોડીએ એટલે ૫૦૦ સાગરોપમની સંખ્યા આવી જાય.

પ્ર૦—(૨૪) સમ્યક્ત્વવાનૂ જીવ મિથ્યાદષ્ટિનો અભ્યુત્થાન આદિ વિનય ન કરે, તો પછી ગૌતમસ્વામી મહારાજ સ્કંધક પરિવ્રાજકના સામા કેમ ગયા અને स्वागतं એ વાક્યવડે તેના આગમનની ક્રિયાને કેમ અનુમોદન આપ્યું ?

ઉ૦—ગૌતમસ્વામી મહારાજે વીરપરમાત્માના વચનથી જાણ્યું કે સ્કંધક પ્રભુની પાસે સંયમ ગ્રહણ કરશે, અથવા મિથ્યાત્વથી પડેલો છે એમ જાણીને. સ્કંધકના પરિણામની વૃદ્ધિને માટે, તેમ જ ભગવાનનું અસાધારણપણું જણાવવાવડે સ્કંધકને વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે સામા ગયા હતા તે દોષને માટે નથી, બીજું સંયમ ગ્રહણ કરવાને માટે આગમન થયું હતું તેથી स्वागतं એ વચનની પટુતાથી અનુમોદના કરી હતી.

પ્ર૦—(૨૫) ઋષભદેવ અને બાહુબલિનું સરખું આયુષ્ય હતું, ઋષભદેવ ભગવાનના જન્મ પછી ૬ લાખ પૂર્વ બાદ બાહુબલિનો જન્મ થયો છે, તો પછી બન્ને સાથે મોક્ષ કેમ ગયા ?

ઉ૦—ઋષભદેવ ભગવાનનું આયુષ્ય સૂર્યસંવત્સરથી જાણવું, અને બાહુબલિનું આયુષ્ય નક્ષત્રસંવત્સરથી જાણવું. નક્ષત્ર માસમાં ત્રણ દિવસ ઓછા હોય છે એટલે ૨૭ દિવસનો નક્ષત્ર માસ ગણાય છે તેથી સાથે સિદ્ધ થયા છે, " उसहो उसहसुया " એ ગાથાના પ્રમાણથી જાણવું.

પ્ર૦—(૨૬) શ્રી મહાનિશીથ સૂત્રમાં, કમલપ્રભસૂરિના અધિકારની અંદર જિનવચનથી વિરુદ્ધ પ્રરૂપણા કરનારને અનંતકાલ સુધી સંસારમાં પરિભ્રમણ કરવાનું કહ્યું છે, તો પછી જમાલિ પંદર ભવે કેમ સિદ્ધ થશે ?

ઉ૦—પંદર ભવે સિદ્ધ થાય એવી જમાલિની ક્રિયા હતી, એમ વૃદ્ધ પુરુષોના મુખથી સંભળાય છે. જો કે તેજ ભવે જમાલિની મુક્તિ થવી જોઇએ, પરંતુ જ્ઞાનીએ નિશ્ચયથી એના પંદર ભવ જોયા છે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ કારણને લઈને, ફરી મિથ્યાત્વને પામ્યો તેથી પંદર ભવ કરશે, તે સિવાય તો વિપરીત પ્રરૂપણા કરનારને અનંતકાલ સુધી સંસારમાં રખડવું પડે છે, કમલપ્રભાદિની માફક.

પ્ર૦—(૨૭) સ્ત્રીને ગર્ભ ગ્રહણ કરવાની શક્તિ એક માસમાં કેટલી અહોરાત્રિ સુધી હોય ?

ઉ૦—ઋતુકાલથી સાત દિવસ પહેલાથી આરંભીને પછી બીજા સાત દિવસ સુધી કમલ ઉઘડેલું હોય છે, વચલા દિવસોમાં કમલનું મુખ ઢાંકેલું હોય છે, ઋતુસમયે તો ત્રણ દિવસ સુધી કમલની નાળમાંથી રુધિર ઝરે છે તેથી તેની મલિનતા સમજવી, માટે એક માસમાં ચઉદ અહોરાત્રિ સુધી સ્ત્રી ગર્ભને ગ્રહણ કરી શકે છે પરંતુ કોઈ ગર્ભને ધારણ કરે અથવા ન પણ કરે.

પ્ર૦—(૨૮) ગોશાલાને ભગવાને દીક્ષા આપી હતી કે નહિ ?

ઉ૦—શ્રી ભગવતીસૂત્રની ટીકામાં કહ્યું છે કે—"मया दीक्षितं पाठितं प्रव्राजितं" આ વાક્યથી મુંડેલો જણાય છે. વસુદેવ હિન્ડિમાં તો વીરચરિત્રના અધિકારમાં તો કહ્યું છે કે "भगवता सह लग्नं" ભગવાનની સાથે થયો છે; મુંડવાની વાત નથી. ખરું તત્ત્વ તો બહુશ્રુતો જાણે.

પ્ર૦—(૨૯) સમવસરણમાં ભગવાનના દર્શનથી દેવાનંદાના સ્તનના મુખ ખુલ્લા કેમ થયા ?

ઉ૦—જેમ સ્વપ્નમાં સ્ત્રીપુરુષના સંયોગને વિષે પુરુષચિહ્નનું મુખ ખુલ્લું હોય અને ભોગસુખની માફક પરાક્રમથી વીર્ય ખરે છે, તેમ ભગવાનના દર્શનથી દેવાનંદાના સ્તનના મુખ ખુલ્લા થયા તેથી હર્ષને લીધે દૂધની ધારા છૂટી, એમ સંપ્રદાયથી જાણવું.

પ્ર૦—(૩૦) માંડુક નગરનો રહીશ દોસી ગોત્રીય દેવસી નામના કોઈ શ્રાવકે પૂછ્યું કે-એક ગર્ભમાંથી કાઢીને બીજા ગર્ભમાં મૂકવાની આવી વ્યવસ્થા તારા દેવને વિષે થએલી છે એમ કહીને મિથ્યાત્વી લોકો મારી હાંસી કરે છે તેનું કેમ ?

ઉ૦—આ વિડંબના કર્મને લઈને થઈ છે તે હાંસી કરવા યોગ્ય નથી. જેમ અક્ષપાદ મતમાં પુરાણની અંદર કહ્યું છે કે "માંધાતા નામનો રાજા પુરુષની કુક્ષીમાં ઉત્પન્ન થયો હતો, જો આ વચન હસવા યોગ્ય હોય તો આ પણ હસવા યોગ્ય છે. બીજું વ્યાસજીના અવતારના અધિકારમાં સુખદેવની દીક્ષા થયા પછી, હે પુત્ર ! એમ કહીને વ્યાસજી કેમ રોવા લાગ્યા ! એમ કહેવું.

પ્ર૦—(૩૧) હાથી ઘણો ભાર ઉપાડે છે તો તેની માફક સિંહ અને ભુંડ કેમ ભાર ઉપાડતા નથી ?

ઉ૦—એમાં બળ અને પરાક્રમનો વિષય છે. હાથી બળવાન છે અને સિંહ તથા ભુંડ પરાક્રમી છે.

પ્ર૦—(૩૨) શ્રી ગૌતમસ્વામી મહારાજ અષ્ટાપદ પર્વતે ગયા તે શું આકાશમાર્ગે ગયા કે પગે ચાલીને ?

ઉ૦—પગે ચાલીને જવાનું સંભવે છે, તે સિવાય તાપસોને જોવામાં આવે નહિ. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે "आत्मलब्ध्या तत्र यात्रां करोति स तद्भवे सिद्धयति" જે પોતાની શક્તિથી જાત્રા કરે તે તે ભવે મોક્ષે જાય.

પ્ર૦—(૩૩) નિશીથસૂત્રમાં પાત્રના અધિકારને વિષે "वसाए वा" પદ મૂકયું છે એનો શું અર્થ ?

ઉ૦—ત્યાં ઘીના જીવો કોઈ દ્રવ્યવિશેષ લેવો, પરંતુ વશા શબ્દથી માંસરૂપ ચરબી ન લેવા, કારણ કે તે અગ્રાહ્ય છે. ॥ ૩૩ ॥

પ્ર૦—(૩૪) નિર્યુક્તિ ભદ્રબાહુસ્વામીએ કરી છે, ચૂર્ણી જિનદાસ ગણીએ બનાવી છે, ભાષ્ય જિનભદ્રગણીએ રચ્યું છે તો પછી ભગવતી સૂત્રમાં—"सुतत्थो खलु पढमो" ઇત્યાદિ ગાથા કેમ સંભવે ?

ઉ૦—જેમ દૂધમાં ઘી રહેલું છે, તેમ સૂત્રમાં નિર્યુક્તિ, ચૂર્ણિ અને ભાષ્ય રહેલા છે, પરંતુ ઉપકારને માટે આ પુરુષોએ જુદા પાડ્યા છે. વિચક્ષણ પુરુષ દૂધમાંથી ઘી જુદું કરીને બતાવે તેમ. ॥૩૪॥ (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનદર્શનની તૃષા

( ૩ )

ડૉ. ભગવાનદાસ મન:સુખભાઈ મહેતા M. B. B. S.

## અસર્વદર્શી વિશેષ સંપૂર્ણ કેમ જાણે?

પણ આમ સામાન્યથી પણ હે સર્વજ્ઞ દેવ! તમારા સ્વરૂપનું દર્શન થવું દુર્લભ છે, તો સકલ–સર્વ પ્રકારે વિશેષથી તેનો સાંગોપાંગ નિર્ણય થવો તો વિશેષ કરીને અતિ અતિ દુર્લભ હોય એમાં પૂછવું જ શું? કારણ કે 'તે સર્વજ્ઞનો વિશેષ–ભેદ તો સંપૂર્ણ-પણે સર્વ અસર્વદર્શીઓને જાણવામાં આવતો નથી; તેથી કરીને તે સર્વજ્ઞને પ્રાપ્ત થયેલો એવો કોઇ (અસર્વદર્શી) છે નહિ.' * અર્થાત્ તે સર્વજ્ઞનો વિશેષ ભેદ તો અસર્વદર્શી એવા સર્વ પ્રમાતૃઓના જાણવામાં સંપૂર્ણપણે આવી શકતો નથી; કારણ કે તે પોતે અસર્વદર્શી અસર્વજ્ઞ હોવાથી, તેનું સર્વદર્શન તેઓને થતું નથી, એટલે તે સર્વજ્ઞના વિશેષનું–ભેદનું જ્ઞાન તેઓને કેમ થઇ શકે? અને સામાન્ય એવું દર્શન થતું હોય તો પણ વિશેષ એવા તેના જ્ઞાનમાં તેઓની ગતિ હોતી નથી. આમ સર્વજ્ઞનું સ્વરૂપ ચિંતવનારા સર્વ અસર્વદર્શીઓને તેના સંપૂર્ણ વિશેષ સ્વરૂપનું ભાન થવું સંભવતું નથી, કારણ કે સંપૂર્ણને સંપૂર્ણનો ખ્યાલ આવી શકે, પણ અપૂર્ણને સંપૂર્ણનો ખ્યાલ કેમ આવી શકે?

## સર્વજ્ઞ ભેદ કલ્પના નિરર્થક

એટલે તે તે દર્શન પ્રમાણે આ સર્વજ્ઞ સંબંધી જે **ભેદ કલ્પના** કરવામાં આવે છે તે પણ **નિરર્થક** છે. જેમકે–શૈવ લોકો તેને અનાદિશુદ્ધ § ને સર્વગત કહે છે; જૈનો સાદિ ને અસર્વગત કહે છે; બૌદ્ધો પ્રતિક્ષણભંગુર કહે છે, ઇત્યાદિ જે ભેદ કલ્પાય છે તે નકામો છે. કારણ કે–(૧) તેના વિશેષનું પરિજ્ઞાન એટલે કે સર્વથા સર્વપ્રકારે જ્ઞાન છદ્મસ્થને થઇ શકતું **નથી.** (૨) યુક્તિઓના જાતિવાદને લીધે પ્રાયે વિરોધ હોય છે. એટલે અનુમાનરૂપ યુક્તિઓના પરસ્પર વિરુદ્ધપણાથી એકબીજાનું ખંડન કરે છે. સાંખ્ય ને શૈવ બૌદ્ધનું ખંડન કરે છે તો બૌદ્ધ સાંખ્ય ને શૈવનું પ્રતિખંડન કરે છે. આમ ખંડનમંડનપરંપરા ચાલ્યા કરે છે, ને આ પ્રશ્નનો નિવેડો કોઇ રીતે આવતો નથી, અને ઘાણીનો બેલ જ્યાંનો ત્યાં પડ્યો રહે છે! (૩) અને ભાવથી ફલનો અભેદ છે. એટલે કે પરમાર્થથી ફળમાં ભેદ પડતો નથી. કારણ કે સર્વજ્ઞનું વિશેષ સ્વરૂપ ગમે તે હો, પણ તે ગુણપ્રકર્ષરૂપ સર્વજ્ઞની આરાધનાનું સાધ્ય ફળ તો એક જ છે, અને તે ક્લેશક્ષયરૂપ મોક્ષફલ છે. એટલે તે સર્વજ્ઞ ભગવાન્ પ્રત્યેના બહુ-માનનું જ ફલદાયકપણું હોવાથી **જે કોઇ પણ તે સર્વજ્ઞની સાચા ભાવથી ભક્તિ કરશે તેને જ તે ફલ મળશે,** માટે તે સર્વજ્ઞના વિશેષ સ્વરૂપ સંબંધી મિથ્યા વાદવિવાદ શો? નકામો ઝઘડો શો? આ 'સહુ થાપે અહમેવ'નો કોલાહલ શો?

આમ વિશેષથી તે સર્વજ્ઞને પ્રતિપન્ન થયેલો–પામેલો એવો કોઇ પણ અસર્વદર્શી છે નહિ, તો પછી સર્વજ્ઞમાં ભેદ છે એમ કોણ દેખી–જાણી શકે વારુ? માટે તેની એકતા જે સિદ્ધ છે તે માન્ય કરી, વિશેષની વાત હાલ જતી કરવી. એ જ સર્વ અસર્વ-દર્શી છદ્મસ્થોને સાંપ્રત ને શ્રેયસ્કર છે, અને પરમાર્થથી આત્માર્થી મુમુક્ષુ જોગી જનને તેમજ કરવું ઉચિત છે.

---

* "विशेषस्तु पुनस्तस्य कात्स्न्र्येनासर्वदर्शिभिः ।
सर्वैर्न ज्ञायते तेन तमापन्नो न कश्चन ॥"
**શ્રી યોગદષ્ટિસમુચ્ચય,** શ્લો. ૧૦૫

§ अनादिशुद्ध इत्यादिर्यश्च भेदोऽस्य कल्प्यते ।
तत्तत्तन्त्रानुसारेण मन्ये सोऽपि निरर्थकः ॥
विशेषस्यापरिज्ञानाद्युक्तीनां जातिवादतः ।
प्रायो विरोधतश्चैव फलाभेदाच्च भावतः ॥"
**શ્રી હરિભદ્રસૂરિકૃત યોગબિન્દુ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સામાન્યથી સર્વજ્ઞને સર્વજ્ઞ માનનારા ભક્તોનો અભેદ**

તેટલા માટે સામાન્યથી † જેનું દર્શન દુર્લભ છે એવા આ સર્વજ્ઞને સામાન્યથી પણ જે કોઇ પણ માને છે, સ્વીકારે છે, તે તે માન્યતા પૂરતા અંશથી ધીમંતોને મન સરખા જ છે.

એટલે કે નિર્વ્યાજપણે, નિર્દંભપણે, નિષ્કપટપણે, સાચેસાચી રીતે તે સર્વજ્ઞની આજ્ઞાના* પાલનમાં યથોચિતપણે તત્પર થઇ, તેને જે કોઇ માન્ય કરે છે, તે **સર્વજ્ઞ માન્યતારૂપ સામાન્ય અંશે** કરીને બુદ્ધિમાન પ્રાજ્ઞજનોને મન તુલ્ય જ છે, સમાન જ છે, પછી તે ભલે ગમે તે મતનો, સંપ્રદાયનો કે દર્શનનો અનુયાયી હોય, ચાહે તો જૈન હોય કે અજૈન હોય, બૌદ્ધ હોય કે બ્રાહ્મણ હોય, શૈવ હોય, વૈષ્ણવ હોય, સાંખ્ય હોય કે નૈયાયિક હોય, વેદાંતી હોય કે સિદ્ધાંતી હોય, ઇસ્લામી હોય કે ઇસાઈ હોય, ગમે તે મત સંપ્રદાયનો અનુસર્તા હોય, પણ જો તે સર્વજ્ઞને (Omniscient) માનતો હોય તો તે એક રૂપ-અભેદરૂપ જ છે. આમ સર્વને સામાન્ય (Common) એવી **સર્વજ્ઞ માન્યતા જગતના સમસ્ત સંપ્રદાયોનું એક અનુપમ મિલનસ્થાન** છે; માટે એક અભેદ સ્વરૂપ સર્વજ્ઞને માનનારા સેવક ભક્તજનોમાં કોઇ પણ ભેદ ઘટતો નથી, એમ સિદ્ધ થયું.

**એક રાજાના આશ્રિત અનેક રાજસેવકનું દૃષ્ટાંત**

જેમ કોઈ એક અમુક રાજા હોય, અને તેના આશ્રિત એવા સેવા કરનારા અનેક પુરુષો હોય; તે આશ્રિતમાં કોઇ રાજાની નિકટનો સેવક હોય, કોઇ દૂરનો હોય, કોઇ પ્રધાન હોય, તો કોઇ મંત્રી હોય; કોઇ સરદાર હોય તો કોઈ સીપાઇ હોય; કોઈ કારકુન હોય તો કોઈ પટાવાળો હોય, ઇત્યાદિ પ્રકારે તે તે પુરુષની નિમણૂક પ્રમાણે દરજ્જાનો ભેદ હોય છે; પણ રાજાના ×આશ્રિત એવા તો બધાય પુરુષો તે એક જ રાજાના ભૃત્યો તો છે જ, દાસો-સેવકો તો છે જ; તેઓના ભૃત્યપણામાં-સેવકપણામાં કાંઇ ભેદ પડતો નથી. કોઈનો હોદ્દો ઊંચો તો કોઇનો નીચો પણ તે બધાયની ગણત્રી ભૃત્યવર્ગમાં જ-દાસવર્ગમાં થાય છે; તે સર્વ એક વર્ગ તરીકે રાજસેવક (Government servant) કહેવાય છે.

**સર્વજ્ઞ તત્ત્વ અભેદ: સર્વ સર્વજ્ઞવાદી અભેદ**

આમ જેમ એક રાજાના આશ્રિત ઘણા પુરુષો પોતપોતાની યોગ્યતા અનુસાર નાના મોટા ભિન્ન ભિન્ન અધિકાર ધરાવતા હોય. ઊંચા નીચા હોદ્દા સંભાળતા હોય, પણ તે એકજ રાજાના આશ્રિત રાજસેવક ગણાય છે, તેઓના દાસભાવમાં ભેદ પડતો નથી તેમ ભગવાન સર્વજ્ઞદેવનો આશ્રય કરનારા, સર્વજ્ઞને માનનારા-ભજનારા જૈન કે જૈનેતર સર્વેય સર્વજ્ઞવાદીઓ તે એક સર્વજ્ઞતત્ત્વ પ્રત્યે ગમન કરનારા હોઇ, સર્વજ્ઞના આશ્રિત સેવક ભક્ત છે. પછી તે સર્વજ્ઞ તત્ત્વ સ્વીકાર કરનારો ભલે જૈન હોય કે બૌદ્ધ હોય, શૈવ હોય કે વૈષ્ણવ હોય, પારસી હોય કે ખ્રીસ્તી હોય

† "तस्मात्सामान्यतोऽप्येनमभ्युपैति य एव हि।
निर्व्याजं तुल्य एवासौ तेनांशेनैव धीमताम् ॥"
**શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય**, શ્લો. ૧૦૬

"सर्वज्ञप्रतिपत्त्यंशमाश्रित्यामलया धिया।
निर्व्याजं तुल्यता भाव्या सर्वतंत्रेषु योगिनाम् ॥"
**શ્રી યશોવિજયજીકૃત** દ્વા૦ દ્વા૦ ૨૩-૧૭

* यस्य चाराधनोपायः सदाज्ञाभ्यास एव हि।
यथाशक्ति विधानेन नियमात्स फलप्रदः ॥"
**શ્રી હરિભદ્રસૂરિકૃત અષ્ટક**

"સારી વિધિ સેવા સારંતાં, આણ ન કાંઇ ભાંજે;
હુકમ હાજર ખીજમતિ કરતાં, સહેજે નાથ નિવાજે.
સેવા સારજ્યો રે જિનની મન સાચે."
**મહામુનીશ્વર શ્રી દેવચંદ્રજી**

× "यथैवैकस्य नृपतेर्बहवोऽपि समाश्रिताः।
दूरासन्नादिभेदेऽपि तद्भृत्याः सर्व एव ते ॥
सर्वज्ञतत्त्वाभेदेन तथा सर्वज्ञवादिनः।
सर्वे तत्तत्त्वगा ज्ञेया भिन्नाचारस्थिता अपि ॥"
**—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય શ્લો૦ ૧૦૭-૧૦૮**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ભલે તે પોતપોતાની યોગ્યતા પ્રમાણે અધિકાર-ભેદથી ભિન્ન ભિન્ન આચારમાં વર્તતો હોય, ઊંચી દશાવાળો હોય કે નીચી દશાવાળો હોય, ઉત્તમ કોટિનો હોય કે અધમ કોટિનો હોય, ગમે તેમ હોય, પણ તે સર્વેય **એક જ** આરાધ્ય સર્વજ્ઞને ભજનારા આરાધકો–ભક્તો છે, સર્વજ્ઞસેવકો જ છે; એના દાસભાવમાં કોઇ જાતનો ભેદ નથી, તે બધાય સર્વજ્ઞ ભગવાન–દાસ છે.

અને આ સર્વજ્ઞ દેવના આવા જે સાચા સેવક ભક્તજનો હોય, તેઓ સમાનધર્મી હોવાથી, સર્વે **સાધર્મિક** છે. એટલે તેઓને એક બીજા પ્રત્યે પરમ **વાત્સલ્ય** હોવું જોઇએ, પરમ પ્રેમ સ્ફુરવો **જોઇએ**, **વિશ્વબંધુત્વની** (Universal Brotherhood) ભાવના દઢપણે વિકસવી જોઇએ, એમ આ ઉપરથી સહેજે ફલિત થાય છે. અને આમ છે તો પછી એક બીજા પ્રત્યે કોઇ પણ પ્રકારના દ્વેષને, મત્સરને કે મત અસહિષ્ણુતાને ઉભવાનું સ્થાન પણ કયાં રહે છે ? આ 'અહમેવ સ્થાપવા' રૂપ મતાગ્રહને ઉદ્‌ભવવાનો અવકાશ પણ કયાં રહે છે ?

### નામાદિ ભેદ છતાં સર્વજ્ઞ તત્ત્વ અભેદ

તાત્પર્ય કે તત્ત્વથી–પરમાર્થથી જોઇએ તો મહાત્મા સર્વજ્ઞોમાં× એટલે કે ખરેખરા **ભાવ સર્વજ્ઞોમાં–ભેદ જ નથી**,–ભલે તેવા તેવા પ્રકારે ઇષ્ટ–અનિષ્ટ નામ વગેરેના ભેદ હોય, ભલે પછી એ સર્વજ્ઞને મત–સંપ્રદાય આદિના ભેદે કરીને પોતપોતાના ઇષ્ટ એવા ભિન્ન ભિન્ન નામ આપવામાં આવતા હોય, ભિન્ન ભિન્નપણે તેનું સ્વરૂપ વર્ણવવામાં આવતું હોય, ભિન્ન ભિન્નપણે તેનો મહિમા ગવાતો હોય, ભિન્ન ભિન્નપણે તેનું ચરિત્ર સંકીર્તન કરાતું હોય, પણ તેના સર્વજ્ઞપણારૂપ લક્ષણમાં ભેદ પડતો નથી. કોઇ તેને જિન કહે કે શિવ કહે, કોઈ બુદ્ધ* કહે કે અર્હત્ કહે, કોઇ વિષ્ણુ કહે કે બ્રહ્મા કહે, કોઈ ઇશ્વર કહે કે ખુદા કહે, કોઇ રામ કહે કે રહેમાન કહે, કોઇ પરમાત્મા કહે કે સર્વશકિતમાન્ 'ગૉડ' (God Almighty) કહે, ઇત્યાદિ ગમે તે ઇષ્ટ દેવના નામે તેને સર્વ કોઇ ભજતા હોય, પણ તેમાં **નામભેદથી અર્થભેદ નથી.** જેમ ગંગા નદીને કોઈ સુરનદી કહે, કોઇ ભાગીરથી કહે, કોઇ ત્રિપથગા કહે, કોઇ મંદાકિની કહે, પણ ગંગા નદી તો એક જ છે, તેમાં ફેર પડતો નથી; તેમ એક સ્વરૂપ સર્વજ્ઞના અપેક્ષાભેદે ભલે જુદા જુદા નામ આપવામાં આવે, પણ તેના તાત્ત્વિક સ્વરૂપની એકતામાં ફેર પડતો નથી. **સર્વજ્ઞતત્ત્વ** તો પરમાર્થથી એક ને અભિન્ન જ છે, એવું બુધજનોએ મેધાથી, શ્રુતથી ને અસંમોહથી પાવન એવી પ્રજ્ઞાવડે ભાવન કરવા યોગ્ય છે, પુનઃ પુનઃ ચિંતન કરવા યોગ્ય છે–એમ હે ભગવાન ! આપના અનેકાન્ત દર્શનની અનુપમ સ્યાદ્વાદ શૈલીને યથાર્થપણે ઝીલનારા **'આર્ષ' દ્રષ્ટા હરિભદ્રસૂરિજીએ** કહ્યું છે તે યથાર્થ છે.

**"રામ કહો રહેમાન કહો કોઉ, કાન કહો મહાદેવરી;**
**પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવરી.**
**નિજ પદ રમે રામ સો કહિયે, રહિમ કરે રહેમાનરી;**
**કરસે કર્મ કાન સો કહિયે, મહાદેવ નિર્વાણરી.**
**પરસે રૂપ પારસ સો કહિયે, બ્રહ્મ ચિન્હે સો બ્રહ્મરી;**
**ઇહિવિધસાધો આપ આનંદઘન, ચેતનમય નિઃકર્મરી.'**

**શ્રી આનંદઘનજી**

**"શબ્દભેદ ઝઘડો કિશ્યોજી ? જો પરમારથ એક;**
**કહો ગંગા કહો સુરનદીજી, વસ્તુ ફરે નહિં છેક."**

**શ્રી યશોવિજયજી**

( ચાલુ )

× "न भेद एव तत्त्वेन सर्वज्ञानां महात्मनाम् ।
तथा नामादिभेदेऽपि भाव्यमेतन्महात्मभिः ॥
—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લો. ૧૦૯

* बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्,
त्वं शङ्करोऽसि भुवनत्रयशङ्करत्वात् ।
धातासि धीर शिवमार्गविधेर्विधानात्,
व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि ॥
—શ્રી ભક્તામર સ્તોત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મલાભ અને વર્તમાન યોગ

શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A.

**અર્થ**—'ધર્મલાભ' એ 'ધર્મ' અને 'લાભ' એ બે શબ્દોથી બનાવાયેલો 'તત્પુરુષ' સમાસ છે. એનો અર્થ 'ધર્મની પ્રાપ્તિ' થાય છે. આ સામાન્ય અર્થ ઉપરાંતનો જે અર્થ જૈનોમાં આજે સેંકડો વર્ષથી પ્રચલિત છે તે 'ધર્મની પ્રાપ્તિ થાઓ' એ જાતનો જૈન સાધુ-સાધ્વીઓ તરફથી ગૃહસ્થોને મળતો [1]આશીર્વાદ છે. આ વિશિષ્ટ-પારિભાષિક અર્થમાં પાઇય ભાષામાં 'ધમ્મલાભ' નો તેમજ 'ધમ્મલાહ' નો પણ પ્રયોગ કરાયેલો જોવાય છે. દા. ત. હરિભદ્રસૂરિ-કૃત **સમરાઇચ્ચ ચરિત્ર** (ભવ ૧, પત્ર [2]૪૬ ભવ ૬, પત્ર [3]૫૬૭) તેમજ ધનેશ્વરસૂરિએ (જિનભદ્રસૂરિએ) વિ. સં. ૧૦૯૫ માં રચેલી **સુરસુંદરીકહા** (પરિચ્છેદ ૮, શ્લો[4]-૧૦૬)

'જેને ધર્મલાભ કહ્યો હોય તેને 'ધર્મલાભિત' કહે છે એ માટે **સમરાઇચ્ચ ચરિય** (ભવ ૩, પત્ર ૧૮૦[5]) માં 'ધમ્મલાહિઅ' એવો પ્રયોગ કરાયો છે. વળી આ કૃતિ(ભવ ૨, પત્ર ૧૧૯[6]) માં આ અર્થમાં 'ધમ્મલાભિઅ' એમ પણ પ્રયોગ જોવાય છે.[7]

**પ્રસંગો**—કોઇ શ્રાવક કે શ્રાવિકા કોઇ 'જૈન શ્વેતાંબર-મૂર્તિપૂજક' સાધુને કે સાધ્વીને 'મત્થએણ વંદામિ' એમ કહીને કે એમ કહ્યા વિના વંદન કરે ત્યારે એ વંદન કરાયેલી વ્યકિત, એ વંદન કરનારને 'ધર્મલાભ' કહે છે. આ જાતનો ગૃહસ્થોનો તે સાધુ-સાધ્વી સાથેનો વ્યવહાર હું પચાસેક વર્ષથી તો જોતો આવ્યો છું.

શ્રાવક કે શ્રાવિકા ઉપર્યુક્ત સાધુ-સાધ્વીને પત્રમાં 'વંદના' કહાવે તો 'ધર્મલાભ' એવો એને ઉત્તર મળે છે. વળી સાધુ કે સાધ્વી ગૃહસ્થના ઉપર પત્ર લખે ત્યારે તેને 'ધર્મલાભ' લખે છે, આવી પ્રથા પણ ઉપર્યુક્ત સાધુ-સાધ્વીમાં જોવાય છે.

જૈન સાધુ અન્ય મોટા સાધુને વંદન કરતી વેળા 'મત્થએણ વંદામિ' એમ કહે છે. ત્યારે તેમને સામું એમ જ કહેવાય છે. આ હકીકત સાધ્વી સાધ્વીને કે સાધુને વંદન કરે છે ત્યારે પણ જોવાય છે;

સાધુ પોતાનાથી મોટા સાધુને વંદના લખે છે તો તેના પ્રત્યુત્તર રૂપે 'અનુવંદના' લખાય છે. સાધ્વીઓને અંગે પણ આવો વ્યવહાર જોવાય છે.

જૈન સાધુ કે સાધ્વી ભિક્ષાર્થે ગૃહસ્થને ત્યાં જાય છે ત્યારે તેના ઘરમાં પ્રવેશ કરતી વેળા 'ધર્મલાભ' એમ મોટેથી બોલે છે. આનું કારણ એમ દર્શાવાય છે કે એ ઘરની વ્યકિત સાવધ બને-એને ખબર પડે કે કોઇ જૈન સાધુ કે સાધ્વી આવેલ છે. આ કારણ ખરું છે કે

---

૧ જુઓ દશમું ટિપ્પણ.

૨ આ પત્રાંક સંસ્કૃત છાયા સહિત પત્રકારે ઈ. સ. ૧૯૩૮ માં છપાયેલા અને પં. ભગવાનદાસ હરખચંદ દ્વારા પ્રકાશિત પુસ્તક અનુસાર છે. એ પત્રમાંની પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:-

"दिन्नो य से गुरुणा वि सारीरमाणसाणेगदुक्ख-विउडणो सासयसिवसोक्खतरुबीयभूओ धम्मलाभोत्ति ।"

વિજયસેનસૂરિને ગુણસેન રાજાએ વંદન કર્યું ત્યારે એ આચાર્યે ધર્મલાભ કહ્યો એ પ્રસંગને અંગેનું આ વાકય છે.

૩ "अह वन्दिओ य णेणं भगवं सवयंसएण साहू य।
तेहिं चिय धम्मलाहो दिन्नो सव्वेसि विहिपुव्वं ॥"

૪ "भीमभवोयहिनिवडंतजंतुसंतरणवरतरंडम्मि ।
दिन्नम्मि धम्मलाभे गुरुणा सेसे मुणी नमिउं ॥१०६॥

૫ "वन्दिया य तुमए। धम्मलाहिओ साहूहिं।"

૬ "पणमिओ य सो मए। धम्मलाभिओ य तेणं उवविट्ठो तस्स पायमूले।"

૭ "એશિયાટિક સોસાયટી, ઑફ બેંગોલ" તરફથી પ્રકાશિત સમરાઇચ્ચ ચરિત(પૃ. ૪૬૯)માં "कयं धम्मलाहणं" એવો પાઠ છે ધમ્મલાહણ (સં. ધર્મ-લાભન) એટલે ધર્મલાભરૂપ આશીર્વાદ દેવો તે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેમ તે માટે કોઇ ગ્રંથસ્થ ઉલ્લેખ મારા જોવા-જાણવામાં નથી.

ધન સાર્થવાહે ધર્મઘોષસૂરિને તેમજ અન્ય મુનિઓને વંદન કર્યું ત્યારે તેમણે એને 'ધર્મલાભ' કહ્યો. આના સમર્થનાર્થે હું **ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર** (પર્વ ૧, સર્ગ ૧) નું નિમ્ન-લિખિત પદ્ય રજૂ કરું છું.

'सोऽवन्दताचार्यपादान् साधूनपि यथाक्रमम्।
तस्मै ते धमलाभं च ददुः पापप्रणाशनम् ॥१२५॥'

એ ધને સાધુઓને આહારાર્થે પોતાને ત્યાં મોકલવા ધર્મઘોષસૂરિને વિજ્ઞપ્તિ કરી ત્યારે આજે જેમ એવા પ્રસંગે સાધુ-સાધ્વી 'વર્તમાન જોગ' કહે છે તેમ એ સૂરિએ ધનને કહ્યું એમ આ મહાકાય ગ્રંથ (પર્વ ૧, સર્ગ ૧, શ્લો. ૧૩૫) માં કહ્યું છે. આ રહ્યો એ ઉલ્લેખઃ-

"सूरिर्वभाषे योगेन् वर्तमानेन वेत्सि नु ।"

આગળ ઉપર ધન સાધુને ઘી વહોરાવે છે ત્યારે એને "ધર્મલાભ" એમ કહેવામાં આવે છે. આને અંગેનું પદ્ય **ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર** (પર્વ ૧, સર્ગ ૧) માં નીચે મુજબ છેઃ—

"सर्वकल्याणसंसिद्धौ सिद्धमन्त्रसमं ततः ।
वितीर्य धर्मलाभं तौ जग्मतुर्निजमाश्रयम् ॥१३८॥"

શ્રમણ ભગવાન **મહાવીરસ્વામીએ** સમ્યક્ત્વશાલિની સુલસાને અંબડ પરિવ્રાજિક દ્વારા "ધર્મલાભ" કહાવ્યો એમ સામાન્ય રીતે મનાય છે ખરું, પરંતુ "ધર્મલાભ" એવો ઉલ્લેખ **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** (પર્વ ૧૦, સર્ગ ૯[૮])માં તેમજ ઠાણ (ઠા ૯, સુત્ત ૬૯૩)ની અભયદેવસૂરિકૃત વૃત્તિ (પત્ર ૪૫૮[૯] અ) માં તો નથી. બાકી નીચે મુજબની કૃતિઓમાં તો ઉપર મુજબનું મંતવ્ય નોંધાયેલું જોવાય છેઃ—

(૧) **દંસણસત્તરિ** યાને **સમ્યક્ત્વસપ્તતિની** સંઘતિલકસૂરિએ વિ. સં. ૧૪૨૨ માં રચેલી **તત્ત્વ-કૌમુદી** નામની વૃત્તિ (પત્ર ૧૬૫[૧૦] અ).

(૨) **ભરહેસર-બાહુબલિ-સજ્ઝાય** (ગાથા ૮)ની **શુભશીલે** વિ. સ. ૧૫૦૯ માં રચેલી વૃત્તિ (ભા. ૨, પત્ર ૨૫૪ આ[૧૧])

(૩) **વિજયલક્ષ્મીસૂરિએ** વિ. સં. ૧૮૪૩ માં પૂર્ણ કરેલો **ઉપદેશપ્રાસાદ** (સ્તંભ ૩, વ્યાખ્યાન ૩૬, પત્ર ૭૮ આ[૧૨]).

(ચાલુ)

---

૮ પ્રસ્તુત પદ્યો નીચે મુજબ છેઃ-

"तत्र नागरथिपत्न्याः सुलसायास्त्वमादरात् ।
प्रवृत्तिमस्मदादेशात् पृच्छेः पेशलया गिरा ॥२७४॥"

स भूयः सुलसामूचे त्वमेका पुण्यवत्यसि ।
यस्या वार्ता स्वयं स्वामी मन्मुखेनाद्य पृच्छति ॥३०४॥"

આ ઉપરથી જોઈ શકાય છે કે **મહાવીરસ્વામીએ** અંબડની મારફતે **નાગ** રથિકની પત્ની **સુલસાની** પ્રવૃત્તિ પૂછાવી છે-એની વાર્તા અર્થાત્ ખબર પૂછાવી. આગળ વધીને કહું તો **સુલસાના** કુશળ સમાચાર પુછાવ્યા છે; પરંતુ 'ધર્મલાભ' કહાવ્યાની વાત અહીં નથી.

૯ પ્રસ્તુત પંક્તિઓ નીચે પ્રમાણે છેઃ-

"स च गच्छन् भगवता बहुसत्वोपकाराय भणितः; यथा सुलसाश्राविकायाः कुशलवार्तां कथयेः । स च चिन्तयामास-पुण्यवतीयं यस्यास्त्रिलोकनाथः स्वकीयकुशलवार्तां प्रेषयति । "

આમ અહીં શ્રી **મહાવીરસ્વામીએ સુલસાને** 'પોતે કુશળ છે' એવા સમાચાર પાઠવ્યા છે, પરંતુ ધર્મલાભ કહાવ્યો નથી કે **સુલસાના** કુશળ સમાચાર પૂછાવ્યા નથી.

૧૦ "तत्र प्राप्तो नागरथिवल्लभां सुलसाभिधाम् ।
आनन्दयेस्त्वमस्माकं धर्मलाभाशिषा ध्रुवम् ॥७६॥"

૧૧ "प्रभुः प्राह-तत्र सुलसायाः सुश्राविकाया धर्मलाभः कथनीयस्त्वयाऽस्मदीयः ।"

૧૨ આ પત્રાંક ઈ. સ. ૧૯૧૪ માં પ્રસિદ્ધ થયેલી આવૃત્તિ અનુસાર છે. અહીં નીચે મુજબ ઉલ્લેખ છેઃ-

"इतश्चम्पायां श्रीवीरं नत्वाऽम्बडपरिव्राजको राजगृहं पुरमचलत् । तदा जिनेनोक्तम्-सुलसाया धर्मलाभोऽस्मदीयस्त्वया वाच्यः ।"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पुस्तकोनी पहोंच

**૧. આનંદઘન પદસંગ્રહ–ભાવાર્થ**–રચયિતા આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ. પ્રકાશક–શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ–મુંબઇ આવૃત્તિ ત્રીજી. ક્રાઉન આઠ પેજી પૃષ્ઠ આશરે ૬૭૫, પાકું હોલક્લોથ બાઇંડીંગ, સુંદર જેકેટ અને સચિત્ર હોવા છતાં–મૂલ્ય માત્ર રૂપિયા સાડાબાર.

શ્રીમદ્ આનંદઘનજી અધ્યાત્મયોગી તરીકે આપણા સમાજમાં મશહૂર છે. તેઓશ્રીએ રચેલા ૧૦૮ પદો પર અધ્યાત્મયોગી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજે ભાવાર્થ લખીને પદના હાર્દને વિશેષ સ્ફૂટ કર્યું છે. આપણામાં કહેવત છે કે **"યોગીકી ગત યોગી જાણે"** એ પ્રમાણે અધ્યાત્મયોગી શ્રીમદ્ આનંદઘનજીના કથિતાર્થને સરળ રીતે રજૂ કરવામાં અધ્યાત્મપ્રેમી આ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજશ્રી ખરેખર સફળ નીવડયા છે. આ પુસ્તકની પ્રગટ થતી ત્રીજી આવૃત્તિ એ જ તેની મૂલ્યવત્તા તેમજ ઉપયોગિતાની નિશાની છે. આ પુસ્તકની શરૂઆતમાં આમુખ, ઉપોદ્ઘાત, સત્યાનંદનાં ઝરણાં, નિવેદન, અને અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા–એ વિવિધ પ્રકરણોમાં અધ્યાત્મ જ્ઞાન સંબંધી એટલું બધું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે કે તે સંબંધી વિશેષ લખાણ કરવું તે પિષ્ટપેષણ જેવું જ ગણાય.

શ્રીમદ્ આનંદઘનજી મહારાજશ્રીના જીવનને લગતી મળી શકતી માહિતી એકત્ર કરી આ પુસ્તકમાં આપવામાં આવી છે, જે વાચકવર્ગને ખરેખર વાંચવા યોગ્ય છે. ૧૦૮ પદોના ભાવાર્થ ઉપરાંત પાછળ તેઓશ્રીની રચેલી 'ચોવીશી' પણ આપવામાં આવી છે. જેથી જિજ્ઞાસુને તે સ્તવનોમાંથી પણ ઘણી ઉપયોગી હકીકતો પ્રાપ્ત થઇ શકે છે. શ્રી મુંબઇનું અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ આવા દળદાર ને કીંમતી પુસ્તકો પ્રકાશિત કરી સાહિત્યની સારી સેવા બજાવી રહ્યું છે જે ખરેખર પ્રશંસનીય છે. અમો તેમના આ પ્રયાસને આવકાર આપીએ છીએ.

**૨. મહાપંથનો યાત્રી : : શ્રી દાનપ્રેમ વંશવાટિકા**–લેખક પૂજ્ય–મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ. આ ગ્રંથને વિવિધ વિષયોમાં અલંકૃત કરી સુંદર ને ઉપયોગી બનાવવામાં આવ્યો છે. મહાપંથના યાત્રી તરીકે સ્વ. શ્રી વિજયદાનસૂરીશ્વરજીનું સમગ્ર જીવન રજૂ કરવામાં આવ્યું છે. અને દાન પ્રેમ-વંશવાટિકામાં યુગપ્રધાનોના નામ, પટ્ટપરંપરા વિગેરે ઉપયોગી હકીકત આપી છેવટે સ્વ. સૂરિજીના શિષ્ય-પ્રશિષ્યની માહિતી આપવામાં આવેલ છે. એકંદરે પ્રયાસ સ્તુત્ય છે. પ્રકાશક શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા–સૂરત. મૂલ્ય રૂપિયા સવા બે.

**૩. સંસ્કારની સીડી**—લેખક–કવિકુલતિલક શતાવધાની મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ. પ્રકાશક–આત્મ–કમલ–લબ્ધિસૂરીશ્વરજી જ્ઞાનમંદિર–દાદર.

આશરે અઢીસો પાનાના આ પુસ્તકમાં પૂજ્ય મુનિરાજશ્રીના બોધપ્રદ લેખોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પૂ. મુનિરાજશ્રી સિધ્ધહસ્ત લેખક છે તેમજ કવિ તરીકે પણ તેઓશ્રીની સારી ખ્યાતિ છે. વિવિધ વિષયોને અનુલક્ષીને હૃદયંગમ શૈલીમાં, વાચકને રસ પડે તેવી દૃષ્ટિએ આ ગ્રંથનું આલેખન કરવામાં આવ્યું છે. પ્રસ્તાવના પણ પં. શ્રી કનકવિજયજી ગણિવરે લખી આપી આ પુસ્તકની ઉપયોગિતામાં વૃધ્ધિ કરી છે. આપણા ચાલુ જીવનને અનુલક્ષીને રોજ–બરોજ બનતા બનાવોને પૂ. વિદ્વાન મુનિશ્રીએ કથા–આકારમાં ગુંથી લઇ ઉચિત ને યોગ્ય બોધ આપવા પ્રયાસ કર્યો છે. પ્રયાસ પ્રશંસનીય છે.

**૪. કર્મમીમાંસા**—લેખક : માસ્તર ખૂબચંદ કેશવલાલ, શીરોહી. પ્રકાશક–બી. પી. સીંઘી–શીરોહી.

બોતેર પાનાના આ પુસ્તકમાં ભાઇશ્રી ખૂબચંદભાઇએ કર્મના અટલ સિધ્ધાંતને સારી રીતે છણ્યો છે. ભાઇશ્રી ખૂબચંદભાઇ એક લેખક છે અને અવારનવાર આપણા માસિકમાં પણ લેખ લખે છે. તેઓશ્રીની આસ્તિક કલમે આ પ્રશ્નને સારી રીતે છણ્યો છે. અમે તેઓશ્રીના પ્રયાસને આદર આપીએ છીએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫. પં. શ્રી શિવાનંદવિજયજી ગણિવર્યનું જીવનચરિત્ર—પ્રકાશક : જસવંતલાલ ગિરધરલાલ શાહ–અમદાવાદ. આ લઘુ પુસ્તિકામાં પૂ. આ. મ. શ્રી વિજયનંદનસૂરિજી મહારાજશ્રીના વિદ્વાન્ શિષ્ય, પં. શ્રી શિવાનંદવિજયજી મહારાજશ્રીનું, જેઓશ્રી ગત વર્ષમાં સ્વર્ગસ્થ થયા છે તેમનું જીવનચરિત્ર રસિક શૈલીએ આલેખવામાં આવ્યું છે.

નીચેની પુસ્તિકાઓ સભાને ભેટ મળેલ છે.

૬. શ્રી આત્મનિંદાદ્વાત્રિંશિકા–તદુપરિ "પ્રકાશ નામની ટીકા—કર્તા-પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્ય. પ્રકાશક : શ્રી વિજયલાવણ્યસૂરીશ્વર જૈન જ્ઞાનમંદિર–બોટાદ.

૭. વર્દ્ધમાનપંચાશિકા—લેખક : પૂ. પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્ય. પ્રકાશક-મંગળદાસ ત્રિકમદાસ ઝવેરી-થાણા.

૮. નવસ્મરણ અને ગૌતમસ્વામીનો રાસ તથા ૯ સજ્ઝાયમાળા—સંપાદક : પૂજ્ય મુનિરાજશ્રી ચંદનસાગરજી મહારાજ, પ્રકાશક : શ્રી ચંદનસાગર જ્ઞાનભંડાર–વેજલપુર

૧૦ મહાત્માશ્રી મત્સ્યોદર અને ૧૧. શ્રી હોલિકા વ્યાખ્યાન—લેખક : પૂ. આ. શ્રી જિનઅમૃતસૂરીશ્વરજી મહારાજ, પ્રકાશક : હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા-લાખાબાવળ.

૧૨. આપણું મૂળ ધ્યેય—ન્યા. ન્યા. મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજશ્રીનું એક પ્રવચન.

---

## મુનિરાજશ્રી કેશરવિજયજી મહારાજશ્રીનો સ્વર્ગવાસ

પરમપૂજ્ય મુનિરાજશ્રી કેશરવિજયજી મહારાજ અત્રે મારવાડીના વંડે ઘણા વર્ષોથી બિરાજતા હતા. કા. વદ ૧૪ ના રોજ રાત્રિના તેઓશ્રી સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થતાં કા. વદ ०)) ના રોજ તેઓશ્રીની ભવ્ય સ્મશાનયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં જનતાએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. પૂજ્યશ્રીની વય ૭૨ વર્ષની હતી અને દીક્ષાપર્યાય ૫૭ વર્ષ જેટલો દીર્ઘ હતો. તેઓશ્રી પૂ. પં. શ્રી ગંભીરવિજયજી મહારાજશ્રીના શિષ્ય મુનિ શ્રી કલ્યાણવિજયજી મહારાજશ્રીના શિષ્ય હતા અને નિરાબાધપણે સંયમી જીવન વ્યતીત કરી સ્વાત્માનું કલ્યાણ સાધેલ છે. અમો સ્વર્ગસ્થના આત્માની પરમ શાંતિ ઈચ્છીએ છીએ.

---


### માત્ર થોડીક જ નકલો શીલીકે રહી છે

જેની રાહ જોવાતી હતી તે પ્રગટ થઇ ચૂકી છે

# ચોસઠ પ્રકારી પૂજા

[ અર્થ સહિત તેમજ પચીશ કથાઓ યુક્ત ]

મર્યાદિત સંખ્યામાં આ પુસ્તકની નકલો છપાવી હોવાથી અને અગાઉથી ગ્રાહક તરીકે ઘણા નામો નોંધાઈ ગયા હોવાથી હવે માત્ર થોડી જ નકલો વેચાણ માટે રહે છે તો આપ આપને જોઈતી નકલો તાકીદે મંગાવી લેશો. પાકુ બાઈંડીંગ, સુંદર છાપકામ અને આશરે પોણા ચારસો પાનાના આ પુસ્તકની કીંમત માત્ર રૂપિયા ત્રણ

લખો:–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


## આત્મવલ્લભનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદરે ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. ઓછી આનામાં આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો :–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

પ્રચારાર્થે મૂલ્યમાં ઘટાડો.........................................જરૂર મંગાવી લ્યો.

## બે પ્રતિક્રમણ સૂત્ર–સાર્થ

[અર્થ, ભાવાર્થ ને વિવેચન યુક્ત]

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તેમજ રાજનગર ધાર્મિક પરીક્ષા વિગેરેનો અભ્યાસક્રમ આમાં આપવામાં આવ્યો છે, તદુપરાંત સ્તવનો, છંદો, સજ્ઝાયો વિગેરે ઉપયોગી સામગ્રી આપવામાં આવી છે. પ્રચારાર્થે મૂલ્યમાં ઘટાડો કર્યો છે. કિંમત રૂા. ૧–૮–૦

વિશેષ નકલો મંગાવનારાએ અવશ્ય તરત જ પત્રવ્યવહાર કરવો.

જિનભક્તિ માટે અનેરો કાવ્યસંગ્રહ

## બાલેન્દુ કાવ્યકૌમુદી

આપણી સભાના સભાસદ બંધુઓને આ પુસ્તક ભેટ તરીકે આપવામાં આવેલ છે, પરન્તુ જેઓ સભાસદ નથી તેઓ આ પુસ્તકની માગણી કરતા હોવાથી માત્ર જૂજ નકલો વેચાણ માટે ફાજલ પાડવામાં આવી છે.

પાકું બાઈંડીંગ, સફાઈદાર છાપકામ, ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૨૯૪

મૂલ્ય માત્ર રૂપિયા બે

લખો :–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

## સ્વાધ્યાયરત્નાવલી

શ્રી ભરહેસરની સજ્ઝાયમાં આવતાં મહાન્ પુરુષોના જીવનને સંક્ષિપ્ત રીતે છતાં રોચક ભાષામાં વણી લેવી અને સાથોસાથ તે દરેક મહાપુરુષના જીવનને વર્ણવતી સજ્ઝાય યુક્ત આ ગ્રંથ અનોખી જ ભાત પાડે છે. અભ્યાસ તેમજ સામાયિકમાં વાંચન માટે આ ગ્રંથ ઉપયોગી છે. છતાં મૂલ્ય માત્ર રૂા. ૧–૪–૦ પોસ્ટેજ અલગ. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર


મુદ્રક : સાધના મુદ્રણાલય :: દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only